# પ્રાંતિજના ઓરણ-નવાપુરા ગામના લોકો નદી તટની લીઝ ધારકો સામે લાલઘુમ

પ્રાંતિજ, તા.૧

પ્રાંતિજ તાલુકાના ઓરણ અને નવાપુરા ગામમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી લીઝ ધારકો દ્વારા રાત દિવસ મોટા યાંત્રિક સાધનોનો ઉપયોગ કરી નદીમાં ઊંડાણપૂર્વક ખોદીને રેતી નીકાળી રહ્યાની ફરિયાદ ગ્રામજનો દ્વારા ઉઠવા પામી છે.

મળતી માહિતી મુજબ હવા પ્રદુષણ અને અવાજ પ્રદુષણ અને ખેતીના બગડતા પાકથી પ્રાંતિજના નવાપુરા-ઓરણ ગામના ગ્રામજનો એટલી હદે આઈ લીઝ ધારકોથી તંગ આવી ગયા છે કે આજે આ ગ્રામજનો એકઠા થઈ નદીમાં લીઝ છે ત્યાં પહોચી ગયા હતા અને ટર્બા ટ્રક, ટ્રેક્ટર સહિતના અન્ય વાહનો સ્થળ પર ખાલી કરાવી દીધા હતા. લીઝ ધારકોને મોટા યંત્રો ત્યાંથી ખસેડી દેવા માટે જણાવ્યું હતું. ગ્રામજનોનો મુડ જોઈ લીઝ પર હાજર લોકો ઉભી પુંછડીયે ભાગી ગયા હતા. ઉચ્ચ કક્ષાએ બાબતની જાણ થતાં તાત્કાલીક ખાણ ખનીજ સત્તાવાળાઓ તેમજ લીઝ ધારકો આવી પહોંચ્યા હતા. તંત્રના સત્તાધીશોએ લીઝ ધારકોનો પક્ષ લેતા ગ્રામજનો વચ્ચે શાબ્દીક ટપાટપી પણ થઈ હતી. ગ્રામજનો અવાજ અને હવા પ્રદુષણ તેમજ ખેતીના પાકને વ્યાપક નુકશાન થતું હોવાથી આ લીઝો તાત્કાલીક અસરથી બંધ થાય તેવું ઈચ્છી રહ્યા છે. પણ તંત્રના સત્તાધીશો ગ્રામજનોની પરવા કર્યા વિના દિવાળી આવતી હોવાથી લીઝ માલિકોની ચિંતા કરી રહ્યા છે તેવી ફરિયાદો ઉઠવા પામી છે. જો આનો સત્વરે ઉકેલ નહિ લાવવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ગ્રામજનોએ આંદોલન કરવાની ચમકી ઉચ્ચારી છે.

## હિંમતનગરના ગઢોડામાં આવેલી સિરામિકમાં સુપરવાઈઝર દાઝયો

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગઢોડા ગામની સીમમાંઆવેલા સેન્ચ્યુરી સિરામિકસમાં સ્પ્રેડ્રાયર વિભાગમાં સુપર વાઈઝર તરીકે ફરજ બજાવતા અશ્વિન દેવરામ પટેલ પર બુધવારના રોજ વહેલી સવારે ૬.૧૫ વાગેના સુમારે અચાનક ગરમ માટી પડતા હાથે અને પગે દાઝી ગયેલ જેને તાત્કાલિક કંપની કારમાં મેડીસ્ટાર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ જયાં હાલ પણ સારવાર હેઠળ છે. આ અંગે મેડીસ્ટારના ડોકટર મોહિત દેસાઈએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસા નગરપાલિકાના કોમ્પ્લેક્ષ પર લાગેલા એલઈડી એડવર્ટાઈઝીંગ બોર્ડનો વિવાદ વકર્યો

### પાલિકાની મંજુરી વિના લાગેલ બોર્ડ વિરૂધ્ધ વિપક્ષ દ્વારા રજુઆત




ડીસા, તા.૧

ડીસા શહેરના ફુવારા વિસ્તારમાં આવેલ નગરપાલિકાના શોપીંગ પર છેલ્લા કેટલાક દિવસોથી જોવા મળતા એલઈડી એડવર્ટાઈઝીંગ બોર્ડના મામલે વિપક્ષ દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆતનો મામલો ચર્ચાસ્પદ બન્યો છે. જાહેરાતનું એલઈડી નગરપાલિકાની મંજુરી વિના બારોબાર લગાવી દેવાયું હોવાના આક્ષેપ અને તેને જપ્ત કરી જવાબદાર ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગણી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા નગરપાલિકાની માલિકીનું શોપીંગ સેન્ટર શહેરના ફુવારા વિસ્તારમાં આવેલું છે. આ શોપીંગમાં આવેલી આરતી એપ્રલ્સ નામની દુકાનના ઉપરના માળે છેલ્લા કેટલાક દિવસોથી એલઈડી એડવર્ટાઈઝીંગ બોર્ડ લાગેલું જોવા મળે છે. જેમાં વિવિધ પ્રકારની જાહેરાતો દર્શાવવામાં આવે છે. પરંતુ આ બોર્ડ લગાવવા માટે નગરપાલિકામાંથી કાયદાકીય મંજુરી લેવામાં ન આવી હોવાના આક્ષેપ સાથે નગરપાલિકાના વિપક્ષ નેતા નિલેશભાઈ ઠકકર દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા મામલો વિવાદાસ્પદ બન્યો છે. તેમનું કહેવું છે કે કોમર્શિયલ હેતુથી લગાવાયેલ બોર્ડ અત્યારે લાખો રૂપિયાની કમાણી કરી રહ્યું છે. આ પ્રકારનું બોર્ડ લગાવવા જનરલ બોર્ડ કે કારોબારી સમિતિમાં ઠરાવ કરી જાહેર હરાજી દ્વારા બોર્ડ લગાવવાનો નિર્ણય લેવાનો હોય છે પરંતુ મંજુરી વિના કઈ રીતે બોર્ડ ઉભું થયું તે બાબતે સવાલો પેદા થયા છે. આ બાબતે ડીસા નગરપાલિકાના ચીફ ઓફીસર હેમંત પટેલે વાતચીતમાં જણાવ્યું હતું કે પાલિકાની માલિકીના કોમ્પ્લેક્ષ પર એલઈડી એડવર્ટાઈઝીંગ બોર્ડ લગાવવા કોઈ મંજુરી અપાઈ નથી. જો ગેરકાયદેસર બોર્ડ લગાવાયું હશે તો તેની તપાસ થશે તેમ જણાવ્યું હતું.

# હિંમતનગરમાં ફલાઈંગ સ્કોર્ડની ટીમે રૂ. ૯.૦૭ લાખની રોકડ ઝડપી

### કમિશન એજન્ટ આંગડીયામાંથી રોકડ લઇ જઇ રહ્યો હતો : રોકડ સાથે પકડાયેલ શખ્સ પૂરાવા ન આપી શકતાં ઇન્કમટેક્ષ વિભાગને મામલો સુપ્રત કરાયો





(તસવીર : મગન વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૧

વિધાનસભાની ચૂંટણી આડે ૪૫ દિવસ બાકી છે ત્યારે મુકત અને ન્યાયી ચૂંટણી માટે અસર કારક કામગીરી થઈ રહી છે. ચૂંટણીમાં રોકડ રકમની હેરાફેરીને ડામવા માટે ચૂંટણી પંચે સ્ટેટીક સર્વેલન્સ ટીમો કાર્યકરત કરી દીધી છે. જેના કારણે રાજયના જુદા-જુદા વિસ્તારોમાંથી ૨.૫૦ લાખથી વધુ રોકડની હેરાફેરી કરતા ગણા લોકો ઝડપાયા છે. સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિંમતનગરમાંથી સ્ટેટીક સર્વેલન્સ ટીમે રૂ.૯,૦૭,૮૩૦/ સાથે એક કમિશન એજન્ટને પકડી ઈન્કમટેક્ષ વિભાગને સુ-ત કરતાં તેની સામે કાયદેર તમાસ હાથ ધરવામાં આવી છે.

હિંમતનગર ચૂંટણી વિભાગમાંથી -ાપ્ત થયેલ વિભાગત અનુસાર વિધાનસભાની ચૂંટણી દરમિયાન નાણાંની ફેરાફેરી રોકવા માટે ચૂંટણી પંચના આદેશ અનુસાર જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર એલ.સી. પટેલના માર્ગદર્શન હેઠળ ફલાઈંગ સ્કોર્ડની ૨ ટીમ તેમજ સ્ટેટીક સર્વેલન્સની ૨ ટીમો પૈસાની હેરાફેરી ઉપર વોચ રાખી રહી છે. તે દરમિયાન આજે ગુરૂવારે હિંમતનગરના માર્કેટયાર્ડમાં કમિશન એજન્ટ તરીકે કામ કરતા અને પોલો ગ્રાઉન્ડમાં રહેતા ૩૪ વર્ષીય મહમદ ઝુબેર મહમદ હબીબ હિંમતનગરના ઈન્દ્રધનુષ કોપ્લેક્ષ ખાતે આવેલ રમેશ કાન્તિભાઈ પટેલ એન્ડ કંપની નામની આગડીયા પેઢીમાંથી રૂ.૯,૦૭,૮૩૦ લઈને જઈ રહયો હતો ત્યારે ફલાઈંગ સ્કોર્ડના હાથે ઝડપાઈ ગયો હતો. ચૂંટણી અધિકારી રીંકેશ પટેલની રાહબરી હેઠળ ફલાઈંગ સ્કોર્ડની ટીમના દલાભાઈ અને બી.કે. શાહ દ્વારા -ાથમિક પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે આ નાણાં જુનાગઢથી ચિરાગભાઈ ગાંધીએ મોકલ્યા હતા. અને તે નાણાં ખેડુતોને મગફળીના ચૂકવવાના હતા. પરંતુ તેની પાસે નાણાં મોકલનાર ચિરાગભાઈનો મોબાઈ નંબર કે સરનામું ન હતું તેમજ કયા ખેડુતોને મગફળીના નાણાં ચૂકવવાના હતા. તેનો ખુલાશો કરી શકયો ન હતો. જેને લઈ ટીમે મહમદ ઝુબેર મહમદ હબીબને રૂ.૯,૦૭,૮૩૦ રોકડ રકમ સાથે ઈન્કમટેક્ષ વિભાગને સુ-ત કરતા આઈ.ટી.વિભાગે રોકડ રકમ સીઝ કરી કાયદેસર કાર્યાવહી હાથ ધરી છે.

## પ્રાંતિજ વિધાનસભા બુથ પ્રમુખોની તાલીમ શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દશા સમાજવાડીમાં આજરોજ પ્રાંતિજ વિધાનસભા બુથ પ્રમુખોની તાલીમ શીબીર યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

પ્રાંતિજના દશા સમાજ વાડીમાં આજે કોંગ્રેસના ટ્રેનર દિનેશ કટારીયાએ બુથની ચોકસાઈઓ તેમજ મતદારોને કોંગ્રેસ તરફી કઈ રીતે અને કેવી રીતે આકર્ષીને મતદાન કરાવવું તેની વિશેષ સમજણ બુથ પ્રમુખોને આપી હતી. શિબિરમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, પ્રદેશ હોદ્દેદાર વિરેન્દ્રસિંહ ઝાલા, જિલ્લા કોંગ્રેસના મહેન્દ્રસિંહ બારૈયા, કાળુસિંહ ચૌહાણ, મણીભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ સહિત યુવા પ્રમુખ અમરીષભાઈએ તાલીમ શિબિરમાં હાજર રહી કાર્યકરોને વિસ્તૃત માહિતી આપી હતી.



મહેસાણા જિલ્લા કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલની અધ્યક્ષતામાં પત્રકાર પરીષદ યોજાઈ હતી. કલેકટરશ્રીએ પત્રકાર મિત્રોને માહિતી આપતા જણાવ્યું હતું કે જિલ્લામાં આચાર સંહિતા બાદ વિડીયો સર્વેલન્સ, વિડીયો વીંગ, એમ.સી.એમ.સી, ફલાઈંગ સ્કોવડ, સ્ટેટીક સર્વેલન્સ સહિતની વિવિધ ટીમો કાર્યરત થઈ છે. સમ્રગ રાજયમાં મહેસાણા જિલ્લામાં સૌથી વધું રોકડ રકમ ૧૧ કરોડ ૬૭ લાખની જપ્ત કરાઈ છે. જેમાંથી જેના પુરાવા અપાયાછે તેવી રોકડ પરત કરવામાં આવી છે.

# ડીસા શહેર ગદકીમાં ગરકાવ રોગચાળાએ માથુ ઊંચક્યું



(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧

આગામી દિવસોમાં તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ડીસા શહેર નગરપાલિકાની લાપરવાહીને કારણે ગંદકીમાં ગરકાવ બની જવા પામ્યું છે. શહેરના અનેક વિસ્તારમાં ખદબદતી ગંદકીના લીધે છેલ્લા કેટલાક સમયથી વિવિધ રોગચાળાએ માથુ ઊંચક્યું છે અને ડેન્ગ્યુના કેસો પણ મણી આવ્યા છે પરંતુ નગરપાલિકાનું તંત્ર આ બાબતે આંખ આડા કાન કરી લોકોને ઘોર અન્યાય કરી રહ્યુ હોવાની વિગતો ચર્ચાસ્પદ બની છે.

ડીસા શહેરના અનેક વિસ્તારો ગંદકીમાં ગરકાવ બની ગયા છે. શહેરમાં આરંભથી જ ગંદકીનો મામલો માથાના દુખાવા સમાન બની રહ્યો હોવા છતાં નગરપાલિકા દ્વારા ગંદકીને હટાવવા મામલે સતત આંખ આડા કાન કરાતા રહ્યા છે. શહેરના અમુક માર્ગો અને સોસાયટીઓને બાદ કરતા મોટા ભાગના વિસ્તારોમાં સફાઈ થતી જ નથી. સફાઈના મામલે અવારનવાર પાલિકાને રજુઆત કરનાર જાગૃત નાગરિકો તેમજ વિપક્ષના હાથ પણ હેઠા પડ્યા છે. પાલિકાતંત્ર પર રજુઆતોની કોઈ અસર થતી નથી એટલે ચોમાસા દરમ્યાન અવારનવાર રોગચાળો વકરવાની ઘટનાઓ બની ચુકી છે. તાજેતરમાં પણ ડેન્ગ્યુના ત્રણ કેસ ઉપરાંત તાવ, મેલેરીયા સહિત રોગોએ માથુ ઉંચક્યું છે. શહેરવાસીઓનું આરોગ્ય ન જોખમાય તેની તકેદારી રાખતા ડીસા અર્બન હેલ્થ સોસાયટી દ્વારા અનેક વખત નોટીસો આપી પાણીના બોરનું ક્લોરીનેશન અને ગંદકી હટાવવા માટે આદેશ કરાયો હોવા છતાં નગરપાલિકાનું સફાઈ ખાતુ આવી તો કેટલીય નોટીસોને ઘોળીને પી ગયું છે. એટલે લોકોને પણ હવે સફાઈ બાબતે તંત્ર પર વિશ્વાસ રહ્યો નથી તો બીજી તરફ પારાવાર ગંદકી, ઉભરાતી ગટરોને કારણે શહેરવાસીઓ રોગચાળાથી ફફડી રહ્યા છે. આગામી દિવસોમાં તહેવારો નજીક આવી રહ્યા છે છતાં સફાઈની બાબતે તંત્ર ઘોર નિષ્ક્રિયતા દાખવી રહ્યું છે.

## ડીસાના રામપુરા ઓઢવા માર્ગ વચ્ચે રીક્ષા પલ્ટી ખાતા વૃધ્ધાનું મોત

ડીસા, તા.૧

ડીસા તાલુકાના ઓઢવા અને રામપુરા વચ્ચે પેસેન્જર ભરીને જઈ



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

રહેલ રીક્ષા પલ્ટી જતા વૃદ્ધાને ગંભીર ઈજાઓ થવાથી કરૂણ મોત નિપજયું હતું. જયારે અન્ય પેસેન્જરોને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

ડીસા તાલુકાના જુના ડીસા વાસણાના સંતોષી ગોળીયા ગામે રહેતા પુરીબેન ગંગારામ માળી (ઉ.વ.૬૫) રીક્ષા (નં. જીજ ૮-વી ૮૩૩૮)માં પોતાની દીકરીને ત્યાં ઓઢવા જવા માટે નિકળ્યા હતા. દરમિયાન રીક્ષા એકાએક પલ્ટી ખાઈ જતા મુસાફરોમાં ચીસાચીસ મચી જવા પામી હતી. જેમાં પુરીબેન માળીને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવાથી તેમનું મોત નિપજયું હતું. બાદમાં મૃતકના મૃતદેહને ડીસા સરકારી હોસ્પિટલ ખાતે પી.એમ. માટે મોકલી આપ્યો હતો. જયાં મોટી સંખ્યામાં માળી સમાજના આગેવાનો દોડી આવ્યા હતા. આ બાબતે કાન્તિલાલ માળીએ ડીસા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મા બેઠક પર ચૂંટણી લડવા બન્ને પક્ષના મુરતીયા લાઈનમાં

### સ્થાનિક મતદારો નવા ચહેરો ઈચ્છી રહ્યા છે

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક હાલ જૂના જોગીઓ પોતાની દાવેદારી નોંધાવી રહ્યા છે ત્યારે આ વખતે જૂના અને હારી ગયેલા ઉમેદવારોને બદલે નવા ચહેરાને ટીકીટ આપવામાં આવે તેવું સ્થાનિક મતદારો ઈચ્છી રહ્યા છે. જ્યારે ટીકીટ વાચ્છુઓ ટીકીટ મેળવવા પોતાનું લોબીંગ કરી રહ્યા છે.

ખેડબ્રહ્મા વિધાનસભાની બેઠક પર ભાજપના ઉમેદવારો નક્કી કરવા માટે હિંમતનગર પાસેની એક ખાનગી હોટલમાં ભાજપના નિરિક્ષકો પરબત પટેલ તથા ભરતભાઈ પંડ્યા ભાજપના કાર્યકરોનો સેન્સ મેળવ્યો હતો. હાલ આ બેઠક પર ભાજપના ઉમેદવારો રમીલાબેન બારા, ભોજાભાઈ મકવાણા, જશુભાઈ ખરાડી, સોમાજીભાઈ ખેર, લીલાબેન નિનામા અને છોટુભાઈ પરમાર તેમજ કોંગ્રેસના દાવેદારોમાં અશ્વીનભાઈ કોટવાલ આર.ડી. બલાત અને રૂમાલભાઈ ધ્રાંગી વગેરે મુરતીયા તૈયાર થઈ રહ્યા છે. પરંતુ સ્થાનિક મતદારો નવા અને લાયક ચહેરાને ઉમેદવાર તરીકે પસંદ કરવા માટે ઈચ્છી રહ્યા છે.

## ગાંધીધામ અને ભુજથી પાલનપુર તરફની ટ્રેનના સમયમાં ફેરફાર

પાલનપુર, તા.૧

પાલનપુરથી ગાંધીધામ અને ભુજ વચ્ચે એકસપ્રેસ અને લોકલ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં પાલનપુર ખાતે બપોરે આવેલી ટ્રેન સાંજે લોકલ થશે તેમ રેલવેના સુત્રો જણાવી રહ્યા છે.

પાલનપુર રેલવે સ્ટેશન માસ્ટર એન.જી. ખાને જણાવ્યું હતું કે ગાંધીધામ પાલનપુર એકસપ્રેસ ટ્રેન નં. ૧૯૧૫૨ ગાંધીધામથી સવારે ૬ કલાકે ઉપડી બપોરે ૧૨.૨૫ કલાકે પાલનપુર આવશે. જે બપોરે ૧.૩૦ કલાકે પાલનપુર રેલવે સ્ટેશનથી લોકલ ટ્રેન નં. ૫૯૪૨૬ ઉપડી રાત્રે ૧૦.૧૫ કલાકે ભુજ પહોંચશે. જયારે સાંજે ૩.૫૦ કલાકે પાલનપુર ગાંધીધામ એકસપ્રેસ ટ્રેન નં. ૧૯૧૫૧ રાત્રે ૯.૫૦ કલાકે ગાંધીધામ પહોંચશે. જે સવારે ૬.૧૦ કલાકે ભૂજ પાલનપુરથી લોકલટ્રેન નં. ૫૯૪૨૫ ઉપડી બપોરે ૩.૨૫ કલાકે પાલનપુર પહોંચશે.







